# નગર એ ઘર, ઘરનું કામ સેવા નહી ફરજ...
# જેનો આનંદ હોય



## 2 વર્ષ

નગરના વિકાસના
જનતાના વિશ્વાસના
પ્રજાની સેવાના

**વિશાલ**
**રમેશભાઈ ઠક્કર**
ચેરમેન, બાંધકામ સમિતિ માંડવી નગરપાલિકા
નગર સેવક, વોર્ડ-૪, માંડવી નગરપાલિકા

**હનિફ**
**સાલેમામદ જત**
નગર સેવક, વોર્ડ-૪
માંડવી નગરપાલિકા

**જશુબેન**
**હરજી હિરાણી**
ચેરમેન, સ્ટાફ કમિટી માંડવી નગરપાલિકા
નગર સેવક, વોર્ડ-૪, માંડવી નગરપાલિકા

**કસ્તુરબેન**
**સુરેશભાઈ દાતણિયા**
નગર સેવક, વોર્ડ-૪
માંડવી નગરપાલિકા



**માન.શ્રી રત્નાકરજી**
સંગઠન મહામંત્રીશ્રી
ગુજરાત પ્રદેશ ભાજપ



**માન.શ્રી વિનોદભાઈ ચાવડા**
મહામંત્રીશ્રી ગુજરાત પ્રદેશ ભાજપ
સાંસદશ્રી, કચ્છ



**માન.શ્રી પ્રદિપસિંહ વાઘેલા**
મહામંત્રીશ્રી
ગુજરાત પ્રદેશ ભાજપ



**માન.શ્રી રજનીભાઈ પટેલ**
મહામંત્રીશ્રી
ગુજરાત પ્રદેશ ભાજપ



**માન.શ્રી દેવજીભાઈ વરચંદ**
પ્રમુખશ્રી
કચ્છ જિલ્લા ભાજપ



**માન.શ્રી અનિરૂધ્ધભાઈ દવે**
ધારાસભ્યશ્રી
માંડવી



**માન.શ્રી કશ્યપભાઈ શુકલ**
પ્રભારી
કચ્છ જિલ્લા ભાજપ



**માન.શ્રી ધવલભાઈ આચાર્ય**
મહામંત્રીશ્રી
કચ્છ જિલ્લા ભાજપ



**માન.શ્રી દિલપભાઈ શાહ**
મહામંત્રીશ્રી
કચ્છ જિલ્લા ભાજપ



**માન.શ્રી નરેન્દ્રભાઈ પ્રજાપતિ**
મહામંત્રીશ્રી
કચ્છ જિલ્લા ભાજપ



**માન.શ્રી દેવાંગભાઈ દવે**
પ્રમુખશ્રી
માંડવી શહેર ભાજપા



**માન.શ્રીમતી હેતલબેન સોનેજી**
પ્રમુખશ્રી
માંડવી નગરપાલિકા

# સેવા એ જ સંગઠન

# વૈશ્વીક નેતા તથા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મ દિવસ નિમિતે સેવા કાર્યો

અંધ અપંગ વિકલાંગ મિત્રોના અંદર રહેલી શકિત શોધવા અને એમને દિવ્યાંગ જેવું નામ આપીને વિશેષ સન્માન આપનાર આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મ દિવસ પ્રસંગે વોર્ડ નં. ૪ના નગરસેવકો દ્વારા માંડવીની અંધ-અપંગ છાત્રાલયની દિકરીઓ સાથે કેક કાપી તથા પોષણયુકત મિઠાઈ ખવડાવી મોદીજીના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી.









પ્રધાનસેવક આદરણીય નરેન્દ્રભાઈ મોદીજીના જન્મ દિવસ નિમિતે અંત્યોદય સુધી સરકારશ્રીની યોજનાઓના લાભ પહોચે તે માટે વોર્ડ નં. ૪ના નગરસેવકો દ્વારા આયુષ્યમાન ભારત કાર્ડ, ઈશ્રમ કાર્ડ, આવકના દાખલા તથા વિધવા સહાયનો લાભ આપવામાં આવ્યો તથા જનતા તેમજ સરકાર વચ્ચે સેતુ બાંધવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેનું ઉદઘાટન કચ્છના મહામંત્રી શ્રી અનિરૂદ્ધભાઈ દવેના હસ્તે કરવામાં આવ્યું.









# વૈશ્વીક નેતા તથા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મ દિવસ નિમિતે સેવા કાર્યો

ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મ દિવસ પ્રસંગે માંડવી શહેરના વિવિધ વિસ્તારોમાં વોર્ડ નં. જના નગરસેવકો તેમજ ભારતીય જનતા પાર્ટી માંડવી શહેર પરિવાર દ્વારા વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં માંડવીના ધારાસભ્ય શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, કચ્છ ભાજપના મહામંત્રીશ્રી અનિરૂધ્ધભાઈ દવે તેમજ માંડવી ભાજપના કાર્યકરો હાજર રહયા.









માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૭૨માં જન્મ નિમિતે ‘બેટી બચાવો બેટી પઢાવો’ અભિયાન અંતર્ગત ‘ઘરની ઓળખ દિકરીના નામ’ અભિયાનમાં વોર્ડ નં. જના નગરસેવકો દ્વારા ઘરે ઘરે જઈને દિકરીઓના નામની પ્લેટ લગાવવામાં આવી.









## વૈશ્વીક નેતા તથા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મ દિવસ નિમિતે સેવા કાર્યો

પોતાનુ જીવન દેશ માટે સમર્પિત કરનાર માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના ૭૨માં જન્મ દિવસ નિમિતે અંગદાન સંકલ્પ દિવસ તરીકે ઉજવણી કરી અંગદાનના પ્રણેતા તથા સામાજીક આગેવાન શ્રી દિલીપભાઇ દેશમુખજીના માર્ગદર્શન હેઠળ માંડવીના વોર્ડ નં. ૪ના નગરસેવકો તેમજ કાર્યકરોએ અંગદાન અંગે જાગૃતિ ફેલાવી રજીસ્ટ્રેશન કેમ્પનું આયોજન કર્યુ . જેનું ઉદઘાટન ભાજપના મહામંત્રી શ્રી અનિરૂધ્ધભાઇ દવેના હસ્તે કરવામાં આવ્યું.











## ભારત વર્ષના સર્વશ્રેષ્ઠ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું કચ્છની ભૂમિ પર સ્વાગત

સમગ્ર વિશ્વમાં અકલ્પનિય લોકપ્રિયતા મેળવનાર જનપ્રિય નેતા તથા કચ્છવાસીઓને દેશના ખુણે - ખુણે યાદ કરીને કચ્છને વિખ્યાત બનાવનાર યુગપુરૂષ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીનું કચ્છની ભૂમિ પર સ્વાગત કરવાનું સુવર્ણ અવસર પ્રાપ્ત થયેલ.





**આધુનિક લોહપુરૂષ અને ભારત સરકારના દ્રઢ નિશ્ચયી સહકાર અને ગૃહમંત્રી માન. શ્રી અમિતભાઇ શાહ સાહેબના જન્મ દિવસ નિમિતે વોર્ડ નં.૪ મધ્યે વૃક્ષારોપણનું કાર્યક્રમ યોજવામાં આવ્યું.**













ગુજરાત પ્રદેશ ભાજપના ઉર્જાવાન અધ્યક્ષ તથા નવસારીના જનપ્રિય સાસંદશ્રી સી.આર. પાટીલ સાહેબના જન્મ દિવસ નિમિત્તે માંડવી નગરપાલિકા વોર્ડ જના નગરસેવકો દ્વારા અંધ-અપંગ માનવ કલ્યાણ સોસાયટીના દિવ્યાંગ બાળકો સાથે કેક કટીંગ કરીને તેમને પોષણયુક્ત ભોજન આપવામાં આવ્યું.











ગુજરાત પ્રદેશ ભાજપના યશસ્વી અધ્યક્ષ તથા પ્રભાવશાળી સાંસદશ્રી સી. આર. પાટીલ સાહેબના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ માંડવી નગરપાલિકાના વોર્ડ નં. જના નગસેવકો દ્વારા વિસ્તારના ૧૧૦૦થી વધુ લોકોને કાશ્મીરની સત્ય ઘટના લોકો સમજે તે હેતુથી The Kashmir Files પિક્ચર નિઃશુલ્ક બતાવવામાં આવી.










# પ્રદેશ મહામંત્રી તથા સાસંદશ્રી વિનોદભાઈ ચાવડાના જન્મ દિવસ નિમિત્તે સેવા કાર્યો

કચ્છ લોકસભાના સાંસદ તથા ગુજરાત ભાજપના મહામંત્રી શ્રી વિનોદભાઈ ચાવડાના જન્મ દિવસ તેમજ આઝાદી અમૃત મહોત્સવ નિમિતે માંડવીની વોર્ડ ૪ની આંગણવાડી મધ્યે નગરસેવકો દ્વારા કુપોષિત બાળકોને 'સુપોષિત કિટ'નું વિતરણ કરી આંગણવાડીમાં સફાઇ તેમજ વૃક્ષારોપણનું કાર્ય કરવામાં આવ્યું.

















# માંડવી શહેરના વૉર્ડ નં. ૪ વિસ્તારના લોકો સાથે જનસંપર્ક

**માંડવી નગરપાલિકા વોર્ડ નં. ૪ વિસ્તારના જુદા જુદા વિસ્તારોમાં 'જન સંપર્ક અભિયાન' અંતર્ગત આજરોજ માંડવીના વોર્ડ નં. ૪ના રહેવાસીઓ સાથે મુલાકાત કરી વિસ્તારના જુદા-જુદા પ્રશ્નો અને વિકાસ કાર્યોની માહિતી આદાન પ્રદાન કરી.**










દિકરીઓ ભણીગણીને આગળ વધે તેવા ઉદેશ્યથી તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રજાવત્સલ્ય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીની દિર્ઘદ્રષ્ટિથી શરૂ થયેલા ‘શાળા પ્રવેશોત્સવ’ તેમજ કન્યા કેળવણીથી ‘બેટી બચાવો બેટી પઢાવો’ અભિયાન હેઠળ સતત પ્રયત્નશિલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલજીના સફળ નેતૃત્વમાં ગુજરાતની દિકરીઓ શાળામાં જઇને નિઃશુલ્ક શિક્ષણ મળી રહયો છે. તે અંતર્ગત માંડવીની પ્રો. કે. ટી. શાહ પ્રાથમિક શાળા મધ્યે નાના ભુલાકાઓને પહેલા ધોરણમાં પ્રવેશ કરાવ્યો તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આોજન કરવામાં આવ્યું.









કચ્છની પાવનધરા પર માં નર્મદાના નીરના પધરામણા થાય તેવી કચ્છીઓની વર્ષો જૂની માંગણી અને સૌથી મોટી લાગણીને સવાયા કચ્છી અને જે બોલે તે કરે એવા અવતારી પુરૂષ ભારત વર્ષના સર્વશ્રેષ્ઠ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીની દિર્ઘદ્રષ્ટિથી શકય બન્યુ. કચ્છમાં નર્મદાના આગમન વખતે માંડવીના વોર્ડ નં. જમાંથી પસાર થતાં કચ્છ જિલ્લા ભાજપના મહામંત્રીશ્રી અનિરૂધ્ધભાઇ દવેએ ખેડૂતો તેમજ વડીલોના મોઢા મીઠા કરાવી શુભેચ્છા પાઠવી.









# માંડવીમાં અતિભારે વરસાદ સમયે સેવાકિય કાર્યો

માંડવી શહેરના વોર્ડ નં. જના ભૂકંપ નગરી તથા અન્ય વિસ્તારોમાં પાણી ભરાયાની જાણ રહેવાસીઓ દ્વારા કરાતા ચાલુ વરસાદ દરમિયાન યુધ્ધના ધોરણે પાણી ન ભરાય તેમજ અતિ વરસાદ આવે તો પણ લોકોને કોઇ મુશ્કેલી ન પડે તે માટે નગરપાલિકાની ટીમ દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી.










બંદરીય શહેર માંડવી મધ્યે વોર્ડ નં. જના નીચાણવાળા વિસ્તારોમાં ભારે વરસાદને લીધે પાણી ન ભરાય તે હેતુથી વોર્ડના નગરસેવકો સાથે મળીને ચાલુ વરસાદમાં નાળાઓની સફાઇ તેમજ પાણીના વહેણમાં નળતરરૂપ જૂની ઝાડીઓ દુર કરવાનુ કાર્ય આદરવામાં આવ્યું.









# માંડવીમાં અતિભારે વરસાદ સમયે સેવાકિય કાર્યો

બંદરિય શહેર માંડવીમાં અવિરત વરસાદને પગલે તાલુકાના સૌથી મોટા ડેમ વિજય સાગર ઓગનતા તેના પાણી વોર્ડ નં. ૪માં ભરાતા એનડીઆરએફની ટીમ સાથે નગરસેવકો તેમજ અધિકારીઓએ અસરગ્રસ્તો તેમજ તેમના પશુઓને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાવ્યું






આઠ દિવસ સતત વરસાદ ચાલુ રહેતા માંડવી શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા રસોઇ ન થઇ શકે તેવી સ્થિતિ સર્જાયાની જાણ થતાં વોર્ડ નં. ૪ના નગર સેવકોએ સ્વ ખર્ચે બપોરે તેમજ સાંજે ભોજન તૈયારી કરી અસરગ્રસ્ત પરીવારને પહોંચાડયું.






# માંડવીમાં અતિભારે વરસાદ સમયે સેવાકિય કાર્યો

**આઠ દિવસ સતત વરસાદને કારણે માંડવી શહેરના લોકોનું જનજીવન અસ્ત વ્યસ્ત થતાં લોકોને મુશ્કેલી ના પડે તે હેતુથી કચ્છના લોકપ્રિય સાંસદ વિનોદભાઈ ચાવડાની સંસ્થા શ્રી સમાજ નવનિર્માણ ટ્રસ્ટના સહયોગથી અસરગ્રસ્ત લોકો માટે બપોર તેમજ સાંજે ભોજનની વ્યવસ્થા કરાઈ.**









**ભારે વરસાદને પગલે માંડવી શહેરમાં લોકોના ઘરોમાં પાણી ભરાતા કચ્છના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા દ્વારા તેમની સંસ્થા શ્રી સમાજ નવ નિર્માણ ટ્રસ્ટના સહયોગથી અસરગ્રસ્ત લોકોને જીવનજરૂરીયાતની રાશનકીટ, ફુડ પેકેટ તેમજ તાલપત્રીનું વિતરણ કરવામાં આવ્યું.જેમાં માંડવીના ધારાસભ્યશ્રી વિરેન્દ્રસિંહ જાડેજા તેમજ ભાજપના મહામંત્રીશ્રી અનિરૂધ્ધભાઈ દવે હાજર રહયા.**









## માંડવીમાં અતિભારે વરસાદ સમયે અબોલ જીવો માટે સેવાકિય કાર્યો

માંડવીમાં ભારે વરસાદને કારણે લોકોની સાથે સાથે અબોલ પશુઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. ત્યારે ગૌવંશ માટે સુકો-લીલો ચારો તેમજ કુતરાઓ માટે બિસ્કીટની વ્યવસ્થા કરી ટીમ બનાવી ત્રણ દિવસ સુધી આ કાર્ય કરાયું.









કચ્છમાં ભારે વરસાદ બાદ ગૌવંશમાં ભારે પ્રમાણમાં લંપી રોગ હાવી થઇ રહયો હતો ત્યારે પશુ ડોકટરોની ટીમ તેમજ નગરસેવકો સાથે મળીને વોર્ડ નં. ૪ના ૫૭ ગૌવંશની યોગ્ય સારવાર કરી આ રોગથી રાહત અપાવવાના કાર્ય હાથ ધરાયા.









# સ્વાતંત્ર્ય દિવસ નિમિતે સાંસ્કૃતિ કાર્યક્રમો

**ભારતના ૭૬માં સ્વાતંત્રય દિવસ નિમિતે માંડવી શહેરના વોર્ડ નં. ૪ની કે. ટી. શાહ પ્રાથમિક શાળા મસ્કા તેમજ દાદાવાડી ડેરી સેવાવસ્તી ખાતે ધ્વજવંદનના કાર્યક્રમમાં રાષ્ટ્રની અસ્મિતાના પ્રતિક તિરંગાને સલામી આપી ભારતના ચરણોમાં વંદન કરી શહિદોનું સ્મરણ કર્યું. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમનોનું આયોજન પણ કરવામાં આવ્યું.**

















**ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા શરૂ કરવામાં આવેલ ‘હર ઘર તિરંગા’ અભિયાન અંતર્ગત માંડવી શહેરના વોર્ડ જના તમામ ઘરો પર તિરંગો લહેરાવી દેશ માટે સર્વસ્વ અર્પણ કરવાવાળા વિરોને નમન કરવામાં આવ્યું.**

















# તિરંગા યાત્રા / વૉર્ડ નં.૪ના લોકો સાથે મન કી બાત / ટીફીન બેઠક

માંડવી શહેરના વોર્ડ નં.૪ના નગરસેવકોના સહકારથી ઠાકોર યુવા સંગઠનના યુવાનો દ્વારા ‘તિરંગા બાઈક યાત્રા’ કાઢવામા આવી. જેમાં સહભાગી બની યુવાનોને ઉત્સાહ વધારવાનો લહાવો મળેલ.









દર મહિનાના અંતિમ રવિવારે નવી ઉર્જા, નવા વિચારો સાથે ઉર્જાવાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની ‘મન કી બાત’ માં દેશહિત અને રાષ્ટ્રવાદની વાતો માંડવી શહેરના વોર્ડ નં. ૪ના રહેવાસીઓને સંભળાવી ‘અન્ન ભેગા તેના મન ભેગા’ સુત્રને સાર્થક કરી ‘ટીફીન બેઠક’ કરી સાથે ભોજન લીધું.









# માંડવી વિધાનસભાના ઉમેદવાર શ્રી અનિરુદ્ધભાઈ દવેના પ્રચારાર્થે ડોર ટુ ડોર જનસંપર્ક

ભારતીય જનતા પાર્ટી ૨-માંડવી વિધાનસભાના લોકપ્રિય ઉમેદવાર શ્રી અનિરૂદ્ધભાઇ દવેને જંગી બહુમતીથી વિજયી બનાવવા શહેરના વોર્ડ નં. જના નગર સેવકો તેમજ કાર્યકરો દ્વારા વિવિધ વિસ્તારોમાં 'ડોર ટુ ડોર' પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો.










# શહેરના વિકાસ કાર્યોની બાંધકામ સમિતિની બેઠક/ગણતંત્ર દિવસની ઉજવણી

માંડવીના ધારાસભ્ય શ્રી અનિરૂધ્ધભાઈ દવેના સુચનો અને માર્ગદર્શન હેઠળ માંડવી નગરપાલિકાના બાંધકામ સમિતિના ચેરમેન વિશાલ ઠકકરના માર્ગદર્શન હેઠળ માંડવી શહેરના વિકાસકામો માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં વિકાસ કામોમાં અવરોધતા પ્રશ્નોની ચર્ચા કરાઈ.





વિશ્વના સૌથી મોટા લોકતાંત્રિક રાષ્ટ્ર ભારતના મહાપર્વ ગણતંત્ર દિવસ નિમિતે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જાગે તે હેતુ માંડવી નગરપાલિકાના વોર્ડ નં. ૪ના નગર સેવકો દ્વારા ડો. જયંત ખત્રી પ્રા. શાળા તથા પ્રો. કે. ટી. શાહ પ્રા. શાળાના વિદ્યાર્થીઓ સાથે દ્વવજવંદન કરી સલામી અર્પણ કરી.













## વિકાસકાર્યોની કામગીરીનું સ્થળ નિરિક્ષણ

માંડવી શહેરને વિકાસશીલ અને પ્રગતિશીલ બનાવવાની નેમ સાથે માંડવી નગરપાલિકા બાંધકામ સમિતિ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં બોક્ષ કલ્વર્ટ, પેવરબ્લોક, સી.સી. રોડના વિકાસ કામોની કામગીરીનું સ્થળ પર નિરીક્ષણ કરી જરૂરી સુચનો પાઠવ્યા.















**વિશાલ**
**રમેશભાઈ ઠક્કર**
ચેરમેન, બાંધકામ સમિતિ માંડવી નગરપાલિકા
નગર સેવક, વોર્ડ-૪, માંડવી નગરપાલિકા



**હનિફ**
**સાલેમામદ જત**
નગર સેવક, વોર્ડ-૪
માંડવી નગરપાલિકા



**જશુબેન**
**હરજી હિરાણી**
ચેરમેન, સ્ટાફ કમિટી માંડવી નગરપાલિકા
નગર સેવક, વોર્ડ-૪, માંડવી નગરપાલિકા



**કસ્તુરબેન**
**સુરેશભાઈ દાતણિયા**
નગર સેવક, વોર્ડ-૪
માંડવી નગરપાલિકા

આશાપુરા ગ્રાફિક્સ & એડ, ભુજ-૯૯૭૮૭ ૨૦૯૯૦